પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૪ | ૧૬ જાન્યુઆરી, ૨૦૨૦, ગુરૂવાર; પોષ વદ - ૦૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## નિર્ભયાના દોષિતોને હવે ૨૨મીએ ફાંસી નહિ

### દયાની અરજી કરતાં કાયદાકીય ગૂંચ, દયાની અરજી નકારી કાઢ્યા પછી પણ નરાધમોને ૧૪ દિવસનો સમય મળશે,મુકેશ નામના દોષિતે રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરતાં નવો વળાંક આવ્યો

નવી દિલ્હી, તા. ૧૫

દિલ્હીના નિર્ભયા કેસમાં ૪ નરાધમોને ૨૨મી જાન્યુઆરીના રોજ ફાંસી આપવાના મામલામાં વધુ એક કાનૂની દાવપેચ આડે આવ્યો છે. જો કે ફાંસીની સજા રદ થવાની કોઈ શક્યતા નથી પણ ૨૨મીએ ૪ નરાધમોને ફાંસી નહીં અપાય એ નક્કી થઈ ગયું હોવાના સંજોગોનું નિર્માણ થયું છે. ૪ નરાધમો પૈકીના એક મુકેશે મંગળવારે સુપ્રિમ કોર્ટે તેમની ક્યુરેટીવ પીટીશન ફગાવી દીધા બાદ છેલ્લા બચાવ તરીકે વકીલ દ્વારા રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરીને તેની જાણ આજે કોર્ટને કરીને ફાંસી રોકવાની દાદ માંગતા સમગ્ર કેસમાં વધુ એક વળાંક આવ્યો હતો. રાષ્ટ્રપતિ દયાની અરજી ફગાવે તે પછી પણ મુકેશને ૧૪ દિવસની તક મળે તેમ હોવાથી ૨૨મીએ ફાંસી નહીં અપાય તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

મંગળવારે સુપ્રિમ કોર્ટે નરાધમોની ક્યુરેટીવ પીટીશન રદ કરતાં ૨૨મીએ નિર્ભયાના દોષિતોને હવે ફાંસીના માંચડે લટકાવતાં કોઈ અડચણ નથી એમ સૌ કોઈને લાગી રહ્યું હતું. પરંતુ કાયદામાં રહેલી જોગવાઈ કે છટકબારીનો લાભ લઈને મુકેશ નામના એક દોષિતે ગઈકાલે જ રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરી નાંખી હતી અને આજે સુનાવણી વખતે નિર્ભયા ગેંગરેપ કેસમાં આરોપી મુકેશ કુમારે ટ્રાયલ કોર્ટના ડેથ વોરંટને રદ કરવાની માંગ કરી હતી. દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન એએસજી અને દિલ્હી સરકારના વકીલે કહ્યું કે નિર્ભયાના દોષીઓને ૨૨ જાન્યુઆરીએ ફાંસી આપવાનો નિર્ણય ટળી શકે છે. રાષ્ટ્રપતિ દ્વારા દયા અરજી અંગે ચુકાદો આપ્યા પછી દોષીઓને કાયદાકિય રીતે ૧૪ દિવસનો સમય આપવાનો હોય છે. આ સાથે જ નિર્ભયાની માતા આશા દેવીએ કહ્યું કે, આરોપી જે થાય એ કરી લે, પણ હવે આ કેસમાં બધુ સ્પષ્ટ છે. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટેથી કંઈ જ છુપુ રહ્યું નથી.



## કાશ્મીરમાં બરફનું તોફાન છ જવાન સહિત ૧૨નાં મોત



### શ્રીનગરમાં ૧૨ સેન્ટીમીટર, ગુલમર્ગમાં ૨૭ સેન્ટીમીટર અને પહેલગામમાં ૨૧.૫ સેન્ટીમીટર બરફવર્ષા થઈ

શ્રીનગર,તા.૧૫

જમ્મુ અને કાશ્મીરમાં થઈ રહેલા સતત સ્નોફોલના કારણે અત્યાર સુધી કુલ ૧૨ લોકોના મોત થયા છે. જેમાં સુરક્ષાદળોના ૫ જવાનો પણ સામેલ છે. સેનાના ૬ જવાનો માછીલ સેક્ટરમાં શહીદ થયા જ્યારે બીએસએફનો એક જવાન નૌગામ સેક્ટરમાં શહીદ થયો. સૂત્રોના જણાવ્યાં મુજબ છેલ્લા ૪૮ કલાકમાં ભારે બરફવરષાના કારણે ઉત્તર કાશ્મીરમાં અનેક જગ્યાએ હિમસ્ખલનની ઘટનાઓ સામે આવી છે. જેમાં ૬ જવાનોએ પણ પોતાના જીવ ગુમાવ્યાં. જ્યારે હિમસ્ખલનમાં અનેક જવાનોને રેસ્ક્યુ પણ કરાયા છે. જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરા, અને ગાંદરબલ જિલ્લામાં હિમસ્ખલને અનેક ઘરોને પોતાની ચપેટમાં લીધા છે. સેના અને સ્થાનિક વહીવટીતંત્ર બચાવ અભિયાનમાં જોડાયેલા છે. અત્યાર સુધી ૫ લોકોને બચાવવામાં આવ્યાં છે. અનેક લોકો હજુ પણ દટાયેલા હોવાની આશંકા છે.

ઘાટીમાં ચારેબાજુ બરફની સફેદ ચાદર બિછાયેલી છે. બરફવર્ષાના કારણે કાશ્મીર પહોંચેલા પર્યટકો તો ખુશ છે પરંતુ કાશ્મીરીઓની મુશ્કેલીઓ વધી ગઈ છે. એકબાજુ કાશ્મીરને દેશ સાથે જોડતા તમામ રાજમાર્ગો બંધ કરાયા છે તો બીજી બાજુ વિસ્તારોમાં ૩ દિવસથી વીજળી ગુલ છે. અધિકારીઓને રાજમાર્ગોને સાફ કરાવવામાં અને ફરીથી ખોલવામાં તથા લોકોને સુરક્ષિત જગ્યાઓ પર પહોંચાડવામાં મુશ્કેલીઓ પડી રહી છે કારણ કે હજુ પણ હવામાન ખુબ ખરાબ છે.

ભારે બરફવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. જો કે હવામાન ખાતાના અધિકારીના જણાવ્યાં મુજબ બુધવારથી રાહતની શક્યતા છે. ઘાટીના મેદાની અને ઊંચા પહાડી વિસ્તારોમાં ભારે બરફવર્ષા થઈ છે. શ્રીનગરમાં ૧૨ સેન્ટીમીટર, ગુલમર્ગમાં ૨૭ સેન્ટીમીટર અને પહેલગામમાં ૨૧.૫ સેન્ટીમીટર બરફવર્ષા થઈ છે.

## રોહિત શર્મા બન્યો વન-ડે ક્રિકેટર ઓફ ધ યર




### વિરાટ કોહલી સ્પિરિટ ઓફ યર એવોર્ડ, દીપક ચહરને ટી-૨૦ પરફોર્મર ઓફ ધ યર

દુબઇ,તા.૧૫

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે આઈસીસી એવોર્ડ્સ ૨૦૧૯ની જાહેરાત કરી દીધી છે. આઈસીસી દ્વારા ૩૨ વર્ષના રોહિત શર્માને વન-ડે ક્રિકેટર ઓફ ધ યર પસંદ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે રોહિત શર્માએ વર્લ્ડકપ ૨૦૧૯ દરમિયાન રેકોર્ડ પાંચ સદી ફટકારી હતી. છેલ્લા વર્ષે રોહિત શર્માએ સાત વન-ડે સદી સાથે ૧૪૯૦ રન ફટકાર્યા હતા. ૨૮ વન-ડે મેચમાં ૫૭.૩૦ની સરેરાશથી બેટિંગ કરતા રોહિતે આ સિદ્ધિ હાંસલ કરી હતી.

તે સિવાય વન-ડેમાં નંબર વન બેટ્સમેન વિરાટ કોહલીને ખેલભાવના માટે ૨૦૧૯ સ્પિરિટ ઓફ ક્રિકેટર એવોર્ડ આપવામાં આવ્યો છે. વિરાટ કોહલીએ વર્લ્ડકપ દરમિયાન દર્શકોને સ્ટિવ સ્મિથની હૂટિંગ નહી કરવાની અપીલ કરી હતી. સ્મિથ બોલ ટેમ્પરિંગ મામલા બાદ વાપસી કરી રહ્યો છે.

ઉપરાંત ઝડપી બોલર દીપક ચહરને ટી-૨૦ ક્રિકેટમાં પરફોર્મર ઓફ ધ યરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. નવેમ્બરમાં દીપક ચહરને બાંગ્લાદેશ વિરુદ્ધ નાગપુર ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ફક્ત છ રન આપીને હેટ્રિક સહિત સાત વિકેટ ઝડપી હતી. ચહર ભારત તરફથી ટી-૨૦ ઈન્ટરનેશનલમાં હેટ્રિક લેનાર પ્રથમ બોલર છે. સાથે આ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં કોઈ પણ બોલરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

ઈંગ્લેન્ડના શાનદાર ઓલરાઉન્ડર બેન સ્ટોકસને ૨૦૧૯ માટે સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફીના વિજેતા જાહેર કરવામાં આવ્યો છે. સ્ટોકસની શાનદાર ઈનિંગની મદદથી જ ઈંગ્લેન્ડે પ્રથમવાર વર્લ્ડકપ જીત્યો હતો. વન-ડે ટીમ ઓફ ધ યર: રોહિત શર્મા, કૈરી હોપ, વિરાટ કોહલી (કેપ્ટન), બાબર આઝમ, કેન વિલિયમસન, બેન સ્ટોક્સ, જોસ બટલર (વિકેટકીપર), મિશેલ સ્ટાર્ક, ટ્રેન્ટ બોલ્ટ, મોહમ્મદ શમી, કુલદીપ યાદવ

ટેસ્ટ ટીમ ઓફ ધ યર: મયંક અગ્રવાલ, ટોમ લાથમ, માર્નસ લાબુશાને, વિરાટ કોહલી (કેપ્ટન), સ્ટીવ સ્મિથ, બેન સ્ટોક્સ, વાટલિંગ, પૈટ કમિંસ, મિશેલ સ્ટાર્ક, વાગ્નર અને નાથન લિયોન.

## ભારતમાં એક અબજ ડોલર રોકવાની જૈફ બેજોસની તૈયારી

નવી દિલ્હી, તા. ૧૫

એમેઝોન ડોટ કોમના વડા જૈફ બેજોસે આજે ભારતમાં ૭૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી. ભારતમાં નાના અને મધ્યમ બિઝનેસ ઓનલાઈન કરવા માટે મદદરુપ થવાની તેમની ઈચ્છા રહેલી છે. ૨૦૨૫ સુધી ભારતમાં બનાવવામાં આવેલી ચીજવસ્તુઓના ૧૦ અબજ ડોલરના કિંમતના નિકાસની પણ તૈયારી પણ દર્શાવવામાં આવી છે. આ પહેલા ઓનલાઈન રિટેલની મહાકાય કંપનીએ ભારતમાં મૂડીરોકાણમાં ૫.૫ અબજ ડોલરની વાત કરી હતી. અમેરિકાની બહાર એમેઝોનના સૌથી મોટા બજાર તરીકે ભારતને ગણવામાં આવે છે. સાથે સાથે ચાવીરુપ ગ્રોથ ડ્રાઈવર તરીકે પણ છે. તેમણે કહ્યું છે કે, ભારતના લાંબા ગાળાના પાર્ટનર તરીકે તેઓ જુએ છે. જૈફ બેજોસે કહ્યું હતું કે, આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન એમેઝોન નાના અને મધ્યમ કારોબારને ધ્યાનમાં રાખીને એક અબજ ડોલરનું રોકાણ કરશે. આનાથી પહેલા કરતા પણ ખુબ વધારે કસ્ટમરો સુધી પહોંચવામાં મદદ મળશે. આ હિલચાલથી અમેઝોનના વૈશ્વિક ફુટપ્રિન્ટનો ઉપયોગ કરવામાં મદદ મળશે. ૨૦૨૫ સુધી ભારતમાં નિકાસના આંકડાને ૧૦ અબજ ડોલર સુધી વધારવામાં આવશે. જૈફ બેજોસના કહેવા મુજબ આવનાર દિવસોમાં ભારત વધુ મોટા કારોબાર તરીકે ઉભરશે. બેજોસ હાલમાં ત્રણ દિવસની ભારત યાત્રા ઉપર છે.

મંગળવારના દિવસે તેઓએ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધી મેમોરિયલની મુલાકાત લઈને ભારત યાત્રાની શરૂઆત કરી હતી.

## મકરસંક્રાંતિ નિમિત્તે ગૌપુણ્ય...




આપણે ત્યાં પર્વોનાં મુખ્યત્વે ત્રણ મહત્ત્વ હોય છે : પહેલું ધાર્મિક, બીજું વ્યક્તિગત કે સામુહિક આનંદ માટે અને ત્રીજું આત્મિક પણ, જે માટે પર્વોમાં દાન-પુણ્યનો મહિમા આપણે ત્યાં જોવા મળે છે. આ જ હેતુસર ઉત્તરાયણમાં શ્વાનોને લાડુ કે ગાયોને ઘાસ નિરવાનો રિવાજ આપણે ત્યાં જોવા મળે છે. રાજ્યના અન્ય વિસ્તારોની માફક ગાંધીનગર શહેર અને આસપાસના ગ્રામ વિસ્તારોમાં પણ ગાયોને ઉત્તરાયણના દિવસે ભરપેટ લીલું ને સૂકું ઘાસ ભાવિકો તરફથી નિરવામાં આવ્યું હતું. પ્રસ્તુત તસવીર ગાંધીનગરના ચિલોડા વિસ્તારની છે, જેમાં મોટી સંખ્યામાં ગાયોને ઘાસ નિરવામાં આવ્યું છે ને મોટાભાગની ગાયો એ ખાઈને કે તૃપ્ત થઈને બેઠી છે, બાકીનું ઘાસ એમ જ પડી રહ્યું હોય એવો ઘાટ દેખાઈ રહ્યો છે.

## સરકાર સત્તાનો દુરુપયોગ કરી રહી છે : માયાવતી

લખનૌ, તા. ૧૫

બહુજન સમાજ પાર્ટીના વડા અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતીના જન્મ દિવસની આજે દર વર્ષની જેમ જ ભવ્યરીતે ઉજવણી કરવામાં આવી હતી. તેમના જન્મદિવસે કાર્યકરોએ ૬૪ કિલોની મહાકાય કેક કાપીને ઉજવણી કરી હતી. દર વર્ષે માયાવતીના જન્મ દિવસની ઉજવણી જોરદારરીતે કરવામાં આવે છે. આ વખતે ૬૪માં જન્મદિવસને ખાસરીતે મનાવવા માટે લખનૌમાં ખાસરીતે તૈયારી કરવામાં આવી હતી. બહુજન સમાજ પાર્ટીના કાર્યકરોએ ૬૪ કિલોગ્રામની કેક કાપીને ઉજવણી કરી હતી. કલરફુલ કેકની ચારેબાજુ ચર્ચા જોવા મળી હતી. આ પહેલા પોતાના ૬૪માં જન્મદિવસે માયાવતીએ કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, તેઓ નાગરિક સુધારા કાનૂનનો વિરોધ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભાજપ સરકાર હવે કોંગ્રેસના પગલે ચાલીને સત્તાનો દુરુપયોગ કરી રહી છે. બહુજન સમાજ પાર્ટીના વડાએ એમ પણ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર કોંગ્રેસના રસ્તા પર આગળ વધીને આડેધડ નિર્ણયો કરી રહી છે. રાજકીય અને વ્યક્તિગત ફાયદા માટે સત્તાનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકારની ખોટી નીતિના કારણે દેશને કાનૂન અને વ્યવસ્થાની સ્થિતિ અને સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આજે દેશની આશરે ૧૩૦ કરોડ પ્રજાની સામે દિનપ્રતિદિન નવી નવી સમસ્યાઓ આવી રહી છે જેના કારણે દેશમાં ચારેબાજુ ગરીબી અને બેરોજગારી જોવા મળે છે. દેશની અર્થવ્યવસ્થા મંદીની બિમાર હાલતમાં પહોંચી ચુકી છે. પ્રજા મુશ્કેલીમાં છે. આના માટે મુખ્ય કારણ કેન્દ્ર સરકારની ખોટી નીતિઓ રહેલી છે.

## આખરે ફાસ્ટેગ ફરજિયાત કારચાલકોમાં નારાજગી

અમદાવાદ, તા.૧૫

કેન્દ્ર સરકારે તા.૧૫ જાન્યુઆરીથી ફાસ્ટેગ દ્વારા ટોલ ટેક્સ ફરજિયાત બનાવ્યું છે. પરંતુ કેન્દ્ર સરકારના આ ઉતાવળિયા નિર્ણયને પગલે વાહનચાલકોમાં ખાસ કરીને કારચાલકોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાયેલી જોવા મળી હતી. લોકોએ કેન્દ્ર સરકાર પર આક્રોશ ઠાલવ્યો હતો કે, વ્યવસ્થિત અને પૂરતા આયોજન વિના આ પ્રકારે તાત્કાલિક ધોરણથી ફાસ્ટેગનો અમલ બિલકુલ ગેરકાયદે અને ગેરવાજબી છે, આ લોકોની હાલાકી અને માનસિક ત્રાસ વધારવાની સરકારની નીતિ છે. લોકોએ ખુલ્લેઆમ કેન્દ્રના નિર્ણયનો વિરોધ કર્યો હતો. કેન્દ્ર દ્વારા અગાઉ તા.૧૫ ડિસેમ્બરથી ફાસ્ટેગ ફરજિયાત કરાયો હતો પરંતુ એક મહિનો મુદત વધારી હતી. અગાઉ ટોલ પર ફાસ્ટેગનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આજથી કોઈ વ્યક્તિ પોતાની કારમાં આ ફાસ્ટેગ નહીં લગાવે તો તેણે ડબલ ટોલ ચૂકવવો પડશે. આજથી ટોલ ટેક્સ માટે ફાસ્ટેગ અમલી બનતા અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર વાહનોની લાંબી કતાર લાગી હતી. ફાસ્ટેગની લાઈન પર ફાસ્ટેગ લગાડ્યા વગરના વાહનો પણ ઘૂસતા ટોલ કર્મીઓ સાથે વાહનચાલકોની બબાલના બનાવ સામે આવ્યા હતા. ફાસ્ટેગનું સંચાલન નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે. ફાસ્ટેગની માન્યતા ખરીદી પછી પાંચ વર્ષ સુધીની છે. વાહનચાલકોએ આ સમયગાળા દરમ્યાન તેને રિચાર્જ કરાવતા રહેવું પડશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## સેન્સેક્સ ૮૦ પોઈન્ટ ઘટ્યો

મુંબઈ, તા. ૧૫

શેરબજારમાં આજે જોરદાર અફડાતફડી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૮૦ પોઈન્ટ ઘટીને ૪૧૮૭૩ની સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૯ પોઈન્ટ ઘટીને ૧૨૩૪૩ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં અફડાતફડી માટે જુદા જુદા પરિબળો જવાબદાર રહ્યા હતા. ચીન ઉપર ટેરિફ હાલમાં જારી રહે તેવા સંકેત મળી રહ્યા છે. અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણીને લઈને હજુ પણ અફડાતફડીનો માહોલ રહ્યો છે. ચૂંટણી પુરી ન થાય ત્યાં સુધી ચીન પર ટેરિફને જારી રાખવામાં આવશે. ફાઈનાન્સિયલ અને બોંકિંગ કાઉન્ટરોમાં ઘટાડાની વચ્ચે સેંસેક્સ ૪૧૮૭૩ની સપાટી ઉપર રહ્યો હતો. ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં ૬ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈમાં ૧.૧ ટકા અને ઈન્ફોસીસમાં ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. હિરોમોટો, ટાઈટન અને મારુતિ સુઝુકીના શેરમાં તેજી રહી હતી.

## સેના દેશની મૂલ્યવાન સંસ્થા : નરવણે



નવી દિલ્હી,તા.૧૫

દેશ આજે ૭૨મા સેના દિવસની ઉજવણી કરી રહ્યો છે. આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણેએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા પર ઐતિહાસિક ગણાવતા કહ્યું કે આનાથી કાશ્મીરને મુખ્ય ધારામાં સામેલ થવાની તક મળશે. આર્મી ચીફે પાકિસ્તાનનું નામ લીધા વગર કહ્યું કે સેના આતંકની વિરૂદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ પર ચાલે છે અને તેનો જવાબ આપવા માટે ભારતીય સેનાની પાસે કેટલાંય વિકલ્પ છે.

૭૨મા સેના દિવસના અવસર પર નરવણે એ કહ્યું કે ભારતીય સેનાએ પ્રોક્સી વૉરમાં પૂરી સક્રિયતા અને મજબૂતીની સાથે દેશની સુરક્ષાને સુનિશ્ચિત કરી છે. તેમણે કહ્યું કે ઉત્તર સરહદ પર સ્થિતિ શાંતિપૂર્ણ છે. જમ્મુ-કાશ્મીરનો ઉલ્લેખ કરતાં નરવણે એ કહ્યું કે આર્ટિકલ ૩૭૦ને હટાવવું ઐતિહાસિક પગલું છે તેનાથી કાશ્મીરને મુખ્ય ધારામાં સામેલ થવાની તક મળશે.

આર્મી ચીફે આગળ કહ્યું કે તેમની પાસે આતંકનો જવાબ આપવાના અનેક વિકલ્પ હાજર છે. પાકિસ્તાનનું નામ લીધા વગર નરવણે બોલ્યા કે આતંકના પ્રત્યે અમારી ઝીરો ટોલરેન્સની નીતિ છે. તેઓ બોલ્યા કે આતંકની વિરૂદ્ધ જવાબ આપવા માટે અમારી પાસે અનેક વિકલ્પ છે, જેનો ઉપયોગ કરવામાં અમે જરાય ખચકાઈશું નહીં. નરવણે એ કહ્યું કે આર્મીને આધુનિક બનાવા પર જોર આપી રહ્યા છે. તેઓ બોલ્યા કે તેમની નજર ભવિષ્યમાં થનાર યુદ્ધના સ્વરૂપ પર છે. તેના માટે ઈન્ટિગ્રેટેડ બેટલ ગ્રૂપ્સનું નિર્માણ થઈ રહ્યું છે. સ્પેસ, સાઈબર, સ્પેશ્યલ ઓપરેશન, અને ઈલેક્ટ્રોનિક વૉરફેયર પર કામ ચાલી રહ્યું છે. નરવણે એ કહ્યું કે સેનાને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે તેઓ ટેકનિકલ ક્ષમતા વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આર્મી ચીફે કહ્યું કે સેનામાં જાતિ, ધર્મ અને ક્ષેત્રને લઈ કોઈ ભેદભાવ કરાતો નથી. સેના નામ, નમક, અને નિશાનના સિદ્ધાંતનું પાલન કરતા દેશની રક્ષા કરે છે. તેમણે કહ્યું કે તેમને આશા છે કે સેના આગળ પણ દેશના વિશ્વાસ પર આ જ રીતે ખરા ઉતરશે.